# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૭ તા.૨૦-૦૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક : પ્રાશિનિ / સંકલન / ૨૦૨૩ / ૮૭૮-૯૩૦ તા. ૧૮-૦૨-૨૦૨૩

૨. ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૧૧૫ તા.૧૫-૦૨-૨૦૨૩

A આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્ર નં.૧ અન્વયે જણાવવાનું કે, તા.૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી પંડિત દીનદયાળ હૉલ, બોડકદેવ ખાતે કરવાનું આયોજન કરેલ છે. જેનું પ્રસારણ બાયસેગ પરથી થનાર હોઈ શાળાનો સમય સવારપાળીનો રાખવાનો રહેશે અને તમામ શિક્ષકો અને બાળકોએ પ્રસારણ નિહાળવાનું રહેશે.

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે પંડિત દીનદયાળ હૉલ, બોડકદેવ ખાતે હાજર રહેનાર શિક્ષકોએ પોતાનું વાહન નવાપશ્ચિમ ઝોન બોડકદેવ વોર્ડ પાર્કિંગ પ્લોટ, વનવર્ડ કેપીટલ કોમ્પ્લેક્ષની સામે કરવાનું રહેશે. કાર્યક્રમ શરૂ થવાના અડધો કલાક પહેલાં હૉલમાં પોતાની બેઠક મેળવી લેવાની રહેશે અને સમગ્ર કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી સક્રિય પણે કાર્યક્રમ નિહાળવાનો રહેશે.

B વધુમાં સંદર્ભ -૨ થી માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે જે વિવિધ સ્પર્ધાઓ કરવાનું જણાવવામાં આવેલ હતું તે માટે ઝોનકક્ષાએ વિજેતા થયેલ બાળકોને નીચે મુજબ ઈનામની રકમ આપવાની રહેશે.

❖ ધો.૧ થી ૫

| | | |
|---|---|---|
| ૧. ગીત સ્પર્ધા | : | રૂ. ૨૦૦/- |
| ૨. એકપાત્ર અભિનય | : | રૂ. ૨૦૦/- |

❖ ધો.૬ થી ૮

| | | |
|---|---|---|
| ૩. વકતૃત્વ સ્પર્ધા | : | રૂ. ૨૦૦/- |
| ૪. ડીબેટ(૨ બાળક) | : | રૂ. ૪૦૦/- |
| ૫. ગીત સ્પર્ધા | : | રૂ. ૨૦૦/- |
| ૬. અંતાક્ષરી | : | રૂ. ૨૦૦/- |
| ૭. ભવાઈ(૨ બાળક) | : | રૂ. ૪૦૦/- |
| ૮. નાટક(૫-૭ બાળક) | : | રૂ. ૧૦૦૦/- (પાંચ બાળક માટે) - રૂ. ૧૪૦૦/- (સાત બાળક માટે ) |

તા.૨૦-૦૨-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી